# અનંત પરમાત્માની આ સૃષ્ટિ પણ અપરંપાર અને અગાધ છે



**મહાભારતનું મનોરૂપ**
**ભાણદેવ**

વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ કિન્નરો છે; શિક્ષકો પણ કિન્નરો છે, આચાર્ય પણ કિન્નર છે. આ સમગ્ર સભામાં હું એક બિનકિન્નર છું. હું પણ થોડી વાર માટે કિન્નર બની જઉં તો? અને હું પણ મનથી થોડી વાર માટે કિન્નર બની ગયો!

સભામાં સંપૂર્ણ શાંતિ છે. તેજસ્વી, ફૂટડાં બાલક-બાલિકાઓ છે, નિષ્ઠાવાન શિક્ષકો છે અને શાલીન આચાર્ય છે. કાચની મોટી-મોટી બારીઓમાંથી હિમાચ્છાદિત શિખરો અને સર્વોચ્ચ શિવલિંગ પણ જોઈ શકાય છે. સ્વચ્છ, આસમાની આકાશ જાણે બારીઓમાંથી સભાખંડમાં આવી ગયું છે.

મારે કયા વિષયો પર બોલવાનું છે, તે વિશે મને કોઈ સૂચના નથી અને મેં પણ કોઈ વિષય નક્કી કર્યો નથી. માઈક વ્યવસ્થા ગોઠવાઈ છે અને સ્પીકર મારા મુખ સામે ગોઠવાયું!

પ્રારંભ મારે જ કરવાનો છે. સૌ સાંભળવા આતુર થયા છે.

આખરે મેં જ પ્રારંભ કર્યો,

'કહો, તમારે શું જાણવું છે? શું સાંભળવું છે?'

થોડી વાર તો સભામાં શાંતિ પ્રસરી રહી.

સૌની અપેક્ષા એવી હતી કે વિષય પણ હું નક્કી કરીશ અને વક્તવ્ય પણ હું જ આપીશ; પરંતુ આ તો વિષય નક્કી કરવાની જવાબદારી મેં શ્રોતાજનો પર નાખી દીધી!

પરંતુ કાંઈ વાંધો નહીં. આ કિન્નર બાળકો છે. મૂંઝાઈ જાય તેવાં નથી. આચાર્યશ્રી, શિક્ષકો અને અન્ય વડીલ શ્રોતાજનો શાંત રહ્યા. સંભવતઃ તેમની ઈચ્છા એવી હતી કે વિદ્યાર્થીઓમાંથી જ કોઈ વક્તવ્યનો વિષય સૂચવે અને તેમજ થયું.

એક નાની પણ તેજસ્વી બાલિકા ઊભી થઈ. મેં તેને મસ્તક હલાવીને બોલવા માટે સંમતિ આપી અને તે બોલી,

'આપ અમને કહો અમારે જીવવું કેવી રીતે?'

સૌ વિદ્યાર્થીઓને લાગ્યું કે આ તો આપણો જ પ્રશ્ન છે. સૌ રાજી-રાજી થઈ ગયાં. આચાર્યશ્રી અને શિક્ષકો પણ પ્રસન્ન થયા.

હવે પ્રારંભ મારે કરવાનો છે.

આવો સુંદર પ્રશ્ન સાંભળીને મારા અંદર બેઠેલો શિક્ષક-વક્તા તત્પર થઈ ગયો અને પછી તો વાણીની ધાણી ફૂટી. લગભગ એક કલાક વક્તવ્ય ચાલ્યું.

તદનંતર મેં પ્રશ્નો માટે નિમંત્રણ આપ્યું અને પછી તો પ્રશ્નોની ઝડી અને ઉત્તરોની હેલી જામી. લગભગ બે કલાક સભા ચાલી. સભાને અંતે અમે સૌ આચાર્યશ્રીની ઓફિસમાં ગયા.

વક્તવ્ય અને પ્રશ્નોત્તરી વખતે એક શિક્ષક બધું લખી રહ્યા હતા. તેમણે આ સર્વનો સારભાગ એક કાગળમાં લખીને મને આપ્યો. મેં ઝડપથી વાંચીને સમજી લીધું કે મહત્ત્વનું બધું જ ખૂબ સંક્ષેપમાં તેમણે નોંધી લીધું છે. તેમની નોંધ અહીં પ્રસ્તુત છે.

The life is a mystery and it is to remain a mystery for ever.

'જીવન એક રહસ્ય છે અને તે રહસ્ય જ રહેશે.'

The life is greater then Philosophy.

'કોઈ પણ તત્ત્વજ્ઞાન કરતાં જીવન વધુ વ્યાપક છે.'

જીવન, સાગરથી વધુ અગાધ છે. જીવન આકાશથી વધુ વ્યાપક છે. જીવન નદીની જેમ સતત પ્રવાહશીલ છે. જીવનમાં અપરંપાર વૈવિધ્ય છે. પ્રત્યેક માનવીને પોતાની આગવી જીવનશૈલી છે. આવા રહસ્યપૂર્ણ જીવન વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કરવું, બહુ કઠિન છે અને આમ છતાં માનવી પોતાની જાતને અને લગભગ સૌને સતત પૂછી રહ્યો છે- 'અમારે જીવવું કેવી રીતે?' જાણ્યે કે અજાણ્યે માનવી સતત શોધી રહ્યો છે 'અમારે જીવવું કેવી રીતે? અને આ જ પ્રશ્નના ઉત્તરમાં તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ધર્મ, નીતિશાસ્ત્ર, અધ્યાત્મ-વિદ્યા, વિજ્ઞાનની અનેક શાખાઓ આદિ અપરંપાર વિદ્યાઓ વિકસી છે અને વિકસી રહી છે.

> **જીવન એક જીવંત ઘટના છે. માનવી જીવનમાં જેમ-જેમ વિકાસ સિદ્ધ કરતો જાય છે, તેમ-તેમ તેની જીવનશૈલીમાં પણ વિકાસાત્મક પરિવર્તન આવે છે અને તેમ થવું સ્વાભાવિક અને ઉચિત છે**

આનો અર્થ એમ થયો કે ઉત્તર કઠિન હોય તો પણ આ પ્રશ્ન 'અમારે જીવવું કેવી રીતે?'નો ઉત્તર આપવો જ પડશે અને તદનુસાર ઉત્તર અપાય છે.


1. અનંત પરમાત્માની આ સૃષ્ટિ પણ અપરંપાર અને અગાધ છે. સૃષ્ટિનું અને માનવીનું વૈવિધ્ય પણ અપરંપાર છે. કોઈ બે માનવી સંપૂર્ણ સમાન ન જ હોઈ શકે. અરે! લીંબડાનાં બે પાન પણ સમાન નથી હોતાં, તો બે માનવી સમાન કેવી રીતે હોઈ શકે?

2. જીવન એક જીવંત ઘટના છે. માનવી જીવનમાં જેમ-જેમ વિકાસ સિદ્ધ કરતો જાય છે, તેમ-તેમ તેની જીવનશૈલીમાં પણ વિકાસાત્મક પરિવર્તન આવે છે અને તેમ થવું સ્વાભાવિક અને ઉચિત છે.

નકશા હુકુમ ચલે ઈમારત, વૃક્ષ ચલે નિજ લીલા.

3. જીવનનો ધર્મ છે - વિકાસ. જીવવું એટલે વિકસવું. જે જીવે છે, તે વિકસે છે, બીજા તો માત્ર શ્વસે છે. જીવનના આ ધર્મને, વિકાસને કદી ચૂકશો નહીં. સતત વિકસતા રહો, સતત વૃદ્ધિ પામતા રહો.


શરીરનું મૃત્યુ, તે મૃત્યુ નથી. વિકાસધર્મમાંથી ચ્યુતિ તે મૃત્યુ છે. જે દિવસ, જે ક્ષણ વિકાસ વિનાની જાય, તે દિવસ, તે ક્ષણ વ્યર્થ જાય છે, તેમ નક્કી સમજશો. જીવનની અનેકાનેક સમસ્યાઓનો ઉકેલ છે- વિકાસ! વિકાસ! વિકાસ! (ક્રમશઃ)



# હિન્દુ, જૈન, બૌધ્ધ, શીખ ધર્મની પુણ્યભૂમિ 'બિહાર'

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

રામરાજ્ય' એક એવા સુશાસન માટેની અલંકારિક વ્યાખ્યા છે જેનો રાજકીય યુદ્ધ ક્ષેત્રે વારંવાર ઉપયોગ થાય છે. મતલબ ભગવાન શ્રી રામના સમયે પ્રજા એટલી બધી સમૃદ્ધ અને સુખી હતી કે આજે પણ લોકો રામરાજ્યની કલ્પના કરી એવા સુવર્ણ સમયની આશા રાખતા હોય છે. પૌરાણિક સમયે દેશમાં અનિષ્ટ કે અનિષ્ટ તત્ત્વો નહોતાં એવું નહોતું પણ કુશળ શાસન દ્વારા રાજવીઓ પ્રજાનું રક્ષણ અને પાલનપોષણ એટલી અદભુત રીતે કરતા કે આજે પણ હજારો વર્ષના ઈતિહાસના સુવર્ણપૃષ્ઠો પર તેમની શ્રેષ્ઠતા અંકિત છે, જેથી સનાતની હોવાનું ગૌરવ ચોક્કસ થાય. ઈસ્વીસન પૂર્વેના સમ્રાટ અશોક, જેના નામ સાથે વિક્રમ સંવત જોડાયેલું છે એવા સમ્રાટ વિક્રમાદિત્યથી લઇ રાજા ભોજ, રાજરાજા ચોલ, શિવાજી મહારાજથી છેક અહલ્યાબાઇ સુધીના સનાતની શાસકોના શાસન સાથે ધર્મ જોડાયેલો હતો. તેઓની પ્રજાની અને માતૃભૂમિની રક્ષા સાથે શાસન કુશળતા આપણે ઈતિહાસમાં વાંચી છે, જાણી છે. વચ્ચેના એક હજાર વર્ષ મોગલો અને અંગ્રેજોના શાસને 'સોનેકી ચિડિયા' કહેવાતા રાષ્ટ્ર પર વિવિધ પ્રકારે લૂંટ ચલાવી આર્થિક, સામાજીક એ માનસિક રીતે કંગાળ બનાવી દીધેલો. 1947 સ્વતંત્રતા પછી પણ શાસનમાં ધર્મ જરૂરી હતો ત્યારે શાસનમાં અને રાજકારણમાં બહુ જ વિચિત્ર રીતે, વિકૃત રૂપે ધર્મ ઘુસી ગયો કે ખરા અર્થમાં ધર્મની વ્યાખ્યા જ બદલાઇ ગઇ છે. આવતા મહિને બિહારમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. દેશનાં મોટાં રાજ્યોમાં એક બિહાર પણ છે. અહીં સત્તા માટેની સાઠમારીએ વે ગ...



પકડ્યો છે. દીપાવલીના તહેવારો સાથે વિવિધ રાજકીય પક્ષોના પ્રચાર પડઘમ જોર-શોરથી વાગી રહ્યાં છે. 'સત્સંગ'ના પૃષ્ઠો રાજકીય લેખો માટે નથી જ પણ બિહારની વાત આવી છે ત્યારે બિહારની પુણ્યભૂમિની વાત કરવી છે. હિન્દુ, જૈન, બૌધ્ધ, શીખ અને મુસ્લિમ ધર્મના લોકોની બિહાર ખરા અર્થમાં પૂણ્યભૂમિ છે. જો કે સર્વત્ર હોય છે તે કરતા યુ.પી. બિહારમાં અસામાજિક તત્ત્વોનો વધુ ઉત્પાત છે. પણ તેથી આ પાવનભૂમિની મહત્ત્વતા જરાયે ઓછી નથી થતી. ઉત્તર પ્રદેશ એ પ્રયાગરાજ, મથુરા, કાશી, અને અયોધ્યા જેવા તીર્થ ધામોથી ઉજ્જવળ છે, એટલી જ બિહારની ધરતી વૈશાલી, નાલંદા, પટણા, ગયા, બૌધિગયા, પાવાપુરી, સાસારામ અને સીતામઢી જેવા ક્ષેત્રોથી વિખ્યાત છે.


ભારતીય સંસ્કૃતિના પ્રતિબિંબ જેવી બિહારની ભાગીગળ સંસ્કૃતિમાં ભોજપુરી ગીત-સંગીતની મધુરતા છે, તો વિખ્યાત મધુબની ચિત્ર શૈલીનું કલા સૌંદર્ય જગવિખ્યાત બન્યું છે. પ્રેમ, વિરહ અને પુનઃમિલનની ગાથા પર આધારિત જટ-જતિન નૃત્યશૈલી લોકપ્રિય છે, તો ઈસવીસન અને એ પહેલાનું પૌરાણિક શિલ્પ-સ્થાપત્ય આખા જગતને આકર્ષે છે. અહીંના ઉત્સવપ્રિય લોકો દિવાળી, હોળી, છઠપૂજા અને દુર્ગાપૂજા જેવા તહેવારોને મનભરીને માણે છે.

જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ અહીંના વૈશાલી ક્ષેત્રના ક્ષત્રિયકુંડમાં ઈસવીસન પૂર્વે 599ના વર્ષમાં થયો હતો. રાજપરિવારમાં જન્મેલા મહાવીર સ્વામીએ ત્રીસ વર્ષની ઉંમરે રાજવૈભવનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરી આત્મકલ્યાણ અર્થે નીકળી ગયા હતા. 12 વર્ષની કઠીન તપશ્ચર્યા બાદ કેવલ જ્ઞાન પ્રાપ્ત થતા મુમુક્ષો અને યાચકોના ઉદ્ધારાર્થે ઈશ્વરની કૃપા પામવા ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. 72 વર્ષની ઉંમરે પાવાપુરીમાં મોક્ષની પ્રાપ્તિ પામનાર મહાવીર સ્વામીના જન્મદિવસ મહાવીર જયંતી તથા મોક્ષ દિવસ દિપાવલીના ઉત્સવો જૈન સમાજ પ્રતિવર્ષ મનાવે છે. રાજ્યના વૈશાલી, કુણ્ડલપુર, પાવાપુરી તથા રાજગીર એ ખૂબ વિખ્યાત જૈન તીર્થો છે.

ઈસ્વીસન પૂર્વેના 563ના વર્ષમાં લૂંબીનીમમાં શાક્યવંશના રાજા શુદ્ધોધનને ત્યાં ભગવાન બુધ્ધ પુત્ર સિદ્ધાર્થરૂપે જન્મયા ગતા. સિદ્ધાર્થના જન્મ બાદ સાતમાં જ દિવસે માતા મહામાયાનું અવસાન થતા તેનો ઉછેર તેની માસી મહાપ્રજાપતિ ગૌતમીએ કર્યો હતો. 29 વર્ષની વયે સિદ્ધાર્થે રાજવૈભવ, પત્ની યશોધરા અને નવજાત શિશુનો ત્યાગ કરી સત્ય દિવ્યજ્ઞાનની શોધમાં નીકળી ગયા. વર્ષોની કઠોર તપશ્ચર્યા બાદ બોધગયા ખાતેના એક વૃક્ષ નીચે જ્ઞાનની પ્રાપ્તિ થતા સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ બની ગયા. બૌધ્ધિસ્ઠો માટે બોધિગયા એક મહત્ત્વપૂર્ણ તીર્થ ધામ છે. અહીં મહાબૌધ મંદિર, બૌધિવૃક્ષ, અનિમેષલોચન, ચૈત્ય, ચંકત્રમણ, મુચલિન્દ સરોવર, તિબેટીયન મંદિર, ચીનનું મંદિર, જાપાનનું મંદિર, થાઇ મંદિર, ભૂટાનનું મંદિર એ જોવાલાયક દર્શનીય સ્થળો છે. અહીં એક પૌરાણિક સ્મૃતિઓનું સંગ્રહાલય પણ જોવાલાયક છે. જો બૌદ્ધધર્મમાં અધિક શ્રદ્ધા ધરાવતા હોય તો બોધગયા ઉપરાંત રાજગીર, વૈશાલી, નાલંદા અને ભાગલપુરની યાત્રા કરવી જોઈએ.



જોકે બોધગયાથી 13 કિ.મી. ના અંતરે આવેલ 'ગયા' હિન્દુઓના તીર્થધામ તરીકે ખૂબ વિખ્યાત છે. વિષ્ણુપદ મંદિર ખૂબ જ પૌરાણિક અને મહત્ત્વતા ધરાવતું મંદિર છે. અહીં પથ્થર પર 40 સે.મી. લાંબા ભગવાન વિષ્ણુના ચરણના ચિહ્ન છે. જેના પર શંખ, ચક્ર અને ગદાનાં પ્રતીકો કોતરાયેલાં છે. 44 સ્થંભવાળા સભામંડપ ધરાવતા અષ્ટકોણીય આકારના ભવ્ય વિષ્ણુ મંદિરના દર્શનાર્થે દૂર દૂરથી લોકો આવે છે. બોધિગયાથી 13 કિ.મી. અને પટણાથી 100 કિ.મી.ના અંતરે આવેલ ગયા પિતૃતર્પણનું અધિક મહત્ત્વ છે. આમ તો બારે મહિના અહીં આવતા શ્રદ્ધાળુ શ્રાધ્ધકર્મ કરાવે છે, પણ ભાદ્રપદના શ્રાદ્ધપક્ષમાં અહીં આવનાર શ્રદ્ધાળુઓની વધુ ભીડ હોય છે. બાજુમાં વહેતી ફલ્ગુ નદીના તીરે એક માન્યતા અનુસાર સીતાજીએ પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધકર્મ કરાવેલું.



સીતાજીના જન્મસ્થળ અંગે બે માન્યતાઓ છે એક તે નેપાળમાં જનકપુર છે. તો બીજી બિહારના સીતામઢી પાસેના પુનૌરા ધામ પણ સીતાજીના જન્મસ્થળ હોવાની માન્યતા ધરાવે છે. અહીં પ્રાચીન મંદિર પણ છે.

શીખ ધર્મના દશમાં અને અંતિક ધર્મગુરુ શ્રી ગુરુગોવિંદસિંહનો જન્મ 22 ડિસેમ્બર 1666ના રોડ પટણા શહેરમાં થયો હતો. ગુરુ ગોવિંદસિંહ મહાન યોદ્ધા, ચિન્તક, કવિ, ભક્ત અને આધ્યાત્મિક ગુરુ હતા. ઈ.સ. 1699માં તેમણે ખાલસા પંથની સ્થાપના કરી હતી. પટણા એ શીખ ધર્મીઓ માટેનું પવિત્ર તીર્થધામ ગણાય છે. અહીં તખ્ત શ્રી હરિ મંદિર સાહેબ પટણા, સાહિબ ગુરુદ્વારા ધઇ ઘાટ સાહિબ-પટણા, ગુરૂદ્વાર હાંડી સાહિબ પટણા તથા ગુરુદ્વાર બાળલીલા મૈની બિહાર શરીફ એ બધા જ અહિના શીખોના તીર્થ ધામ છે.

હિન્દુ, બૌધ્ધ, જૈન તથા શીખ ધર્મ ઉપરાંત ઈસ્લામ ધર્મીઓ માટે પણ બિહારનું પટણા એક વિશેષ મહત્ત્વપૂર્ણ સ્થળ છે. પટણાથી 30 કિ.મી. ના અંતરે મનેર શરીફની પ્રસિદ્ધ જગ્યા છે. એવી માન્યતા છે કે મનેર શરીફની જગ્યા પર સૂફી સંત મખદૂમ દૌલતે 1608માં અંતિમ શ્વાસ સુધી સેવા કરી હતી. તો જહાનાબાદમાં ભારતની એકમાત્ર મહિલા સૂફીસંત હજરત બીબી કમાલની દર્ગા છે. ઔરંગાબાદમાં પણ અજમેર શરીફની પ્રખ્યાત કબર પર માથુ ટેકવવા હજારો મુસ્લિમો આવે છે.

> **આજનું પટણા અઢી હજાર વર્ષ પહેલાં પાટલીપુત્ર તરીકે ઓળખાતું અને બિહાર એ મૌર્યવંશનું મગધ હતું. સમ્રાટ અશોકનો બિહાર સાથે ગાઢ સંબંધ છે**



સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે આજનું પટણા અઢી હજાર વર્ષ પહેલાં પાટલીપુત્ર તરીકે ઓળખાતું અને બિહાર એ મૌર્યવંશનું મગધ હતું. સમ્રાટ અશોકનો બિહાર સાથે ગાઢ સંબંધ છે. અશોકના શિલાલેખો, સ્થંભો અને સ્થાપત્યો આજે પણ પૌરાણિક કાળની સાક્ષી સમાન બિહારમાં વિવિધ સ્થળે સચવાયેલા છે. મહાન સમ્રાટ અશોક વિશે જાણવું બહુ મહત્ત્વપૂર્ણ છે. એક આખો લેખ લખી શકાય એટલી ગૌરવગાથાઓ ઉપલબ્ધ છે પરંતુ સ્થળસંકોચને કારણે ફરી ક્યારેક. અસ્તુ...

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૩૪

# દેવકીજીના દુઃખનું કારણ અને ભગવાનના જન્મવર્ષનું સમાધાન

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

આ લેખમાં આપ સહુ નંદમહોત્સવના વર્ણનનો આનંદ લેવા માટે આતુર હશો તે સ્વાભાવિક છે પરંતુ નંદમહોત્સવનો આનંદ લેતા પહેલાં આપણે અગત્યના ત્રણ પ્રશ્નોના જવાબ મેળવવા પ્રયત્ન કરીએ. આ પ્રશ્નોના જવાબો આપણા જેવા સામાન્ય મનુષ્યના મનનું સમાધાન કરવા માટે ખૂબ ઉપયોગી થઇ પડે તેમ છે. આમાંથી બે પ્રશ્નો આ લેખમાં સમજશું અને ત્રીજો આવતા લેખમાં.

પહેલો સવાલ એ છે કે જે દેવકીને અનંતકોટિ બ્રહ્માંડોના નાયક, સર્વલોકોના અધિશ્વર, યોગયોગેશ્વર અને પતિતપાવન પરમાત્માને પોતાના ઉદરમાં ધારણ કરવાનો મેરુતુલ્ય મોકો મળ્યો હતો અને પુણ્ય પ્રાપ્ત થયું હતું, તે જ દેવકીને પોતાના છ પુત્રોને ગુમાવવાનું દુઃખ પણ સહન કરવું પડ્યું હતું. જેમનાં નામ-સ્મરણ માત્રથી ભવબંધનમાંથી મુક્તિ મળી જાય છે તેવા ભગવાનને પ્રત્યક્ષપણે પ્રાપ્ત કરવાના હોવા છતાં પણ વસુદેવ અને દેવકીને કારાગાર જેવું પ્રાકૃત બંધન મળ્યું હતું. તદુપરાંત કંસના પુણ્યનો ક્ષય થાય ત્યાં સુધી એટલે કે લગભગ બાર વર્ષ સુધી ખુદ ભગવાને પણ માતાપિતાથી દૂર ગોકુળમાં રહેવું પડ્યું હતું, તો આ બધાંનું કારણ શું?

આનો જવાબ એ રીતે સમજી શકાય કે આ તેમના પૂર્વજન્મનાં કર્મોનું ફળ હતું. કર્મભૂમિમાં કર્મોના નિયમ ખૂબ જ કઠોર હોય છે. કર્મનો એ 'અટલ સિદ્ધાંત' છે કે 'પુણ્યનું ફળ સુખ છે અને પાપનું ફળ દુઃખ છે' અને આ બંને ફળને ભોગવવું જ પડે છે. એમાં સરવાળા-બાદબાકી જેવું કશું હોતું નથી અને એમાં પણ પોતાની ઈચ્છાથી પાપ કરો કે પર-ઈચ્છાથી, અજ્ઞાનમાં કરો કે જ્ઞાનપૂર્વક, પાપને તો ભોગવવું જ પડે છે. પાપનું કૃષ્ણાર્પણ થતું નથી. પુણ્યને કૃષ્ણાર્પણ કરી શકાય છે. દેવકીને અગાઉના જન્મોનું જે પુણ્ય પ્રાપ્ત થયું હતું તેમાં તેમનું 'પુત્રશોકજનક' જે પાપ હતું તે ધોવાયું નહોતું. પૂર્વજન્મોના અનંત પુણ્યોનું ફળ તેમને ભગવાન શ્રીકૃષ્ણના પોતાના ગર્ભમાં લીધેલા જન્મના સુખરૂપે મળ્યું. તે જ રીતે પૂર્વજન્મોનાં પાપોનું ફળ તેમને છ પુત્રોના શોકરૂપે મળ્યું. અહીં પુણ્ય અને પાપ સરભર નહિ થયા. પૂર્વે કોઈ એક જન્મમાં દેવકી એક રાજાની રાણી હતાં. ત્યારે તેમણે માત્સર્યવશ એમની સોતન રાણીના છ પુત્રોને એક પછી એક મારી નાખ્યા હતા. આ કર્મનો નાશ કરવા માટે ભગવાને યુક્તિથી કંસના આગલા જન્મના (કાળનેમીના) છ પુત્રોને એક પછી એક ગોઠવી તેમનું પ્રાયશ્ચિત્ત કરાવ્યું અને તેમને કર્મબંધનમાંથી મુક્ત કરી દીધા. આ કથા 'શ્રીમદ દેવી ભાગવત'માં આપેલી છે. કોઈને રસ હોય તો વાંચી શકે છે. આ કથામાં એ પણ દર્શાવ્યું છે કે શ્રી ભગવાન દ્વારકા ગયા ત્યાર પછી દેવકીએ આ પ્રશ્ન ભગવાનને પૂછ્યો હતો અને ત્યારે ભગવાને તેમને દિવ્યદ્રષ્ટિ આપી આ તથ્યનો અનુભવ પણ કરાવ્યો હતો. હવે ઘણાને એ પ્રશ્ન પણ થશે કે જો પ્રારબ્ધ કર્મોનું ફળ ભોગવ્યે જ છૂટકો હોય અને દરેક કર્મોનું ફળ અલગ અલગ ભોગવવાનું જ હોય તો પછી 'ઈશ્વરભક્તિ'નો શું લાભ? એનું સમાધાન એ છે કે ઈશ્વરભક્તિ એ પણ એક શુભ કર્મ જ છે. આ શુભ કર્મથી જીવોને જે 'કલિષ્ટ' કહેવાય અથવા બીજા શબ્દોમાં જે તીવ્ર નકારાત્મક ફળ આપી શકે તેવા હોય, તેવાં કર્મોની શક્તિ ક્ષીણ થઇ તેની તીવ્રતા ઓછી થઇ જાય છે. પૂર્વજન્મથી ઉત્પન્ન થયેલા સંકટ અને દુઃખોની તીવ્રતા પણ ઓછી થઇ જાય છે. 'અભક્તોના પુષ્પ જેવાં સંકટો પણ પહાડ જેવા બની જાય છે અને હંમેશાં પ્રભુ સ્મરણમાં રત રહેતા ભક્તોના પહાડ જેવા સંકટો પણ પુષ્પ જેવા હલકા બની જાય છે. દુઃખ ભોગવવાનો સમય પણ જાણે સ્વપ્નવત હોય તેવો હલકો બની નષ્ટ થઇ જાય છે'. આવનારા લેખોમાં સમજશું તે દ્રૌપદીનું ઉદાહરણ આ વાતની સમજ માટે એકદમ યોગ્ય છે. એમના પર ભરી સભામાં વસ્ત્રાહરણનું વિકટ સંકટ આવી પડ્યું હતું પરંતુ ભગવતકૃપાથી તે સ્વપ્નમય બની ગયું હતું. આવાં ઘણાં ઉદાહરણો પુરાણોમાં આપણને જોવા મળે છે. સારાંશ એ જ કે ઈશ્વરભક્તિ દરેક જીવ માટે હંમેશાં લાભદાયક બની રહે છે. ગીતામાં પણ ભગવાને આશ્વાસન આપ્યું છે કે 'હું તને બધાં પાપોમાંથી મુક્ત કરી દઈશ'. આ રીતે સમજીએ તો માતા દેવકીને જે દેવતુલ્ય છ બાળકોનો શોક સહન કરવો પડ્યો અને ભગવદરૂપ તેમના બંને પુત્રોનો બાર વર્ષ સુધી વિયોગ રહ્યો તે બધું કર્મ અનુસાર હતું. બીજો એક સવાલ ભગવાન શ્રીકૃષ્ણના જન્મની તિથિ અને વર્ષ બાબતનો થાય છે. શતપથ બ્રાહ્મણગ્રંથ અનુસાર અને અન્ય પ્રાચીન જ્યોતિષગ્રંથો અનુસાર ખૂબ વિશ્વસનીય રીતે આનું સમાધાન મળે છે. શતપથ બ્રાહ્મણમાં એવું લખ્યું છે કે કૃતિકા નક્ષત્રનો ઉદય બરાબર પૂર્વ દિશામાં થાય છે. હાલની પરિસ્થિતિનું અવલોકન કરીએ તો અયાનાંશની ગતિ થોડી ખસી જવાના કારણે આ ઉદય બરાબર પૂર્વ



દિશામાં થતો નથી પરંતુ થોડો ઉત્તર તરફ થાય છે. આનાથી આપણે એ વખતના સમયનો નિશ્ચય કરી શકીએ છીએ કે જે સમયે આ નક્ષત્રનો ઉદય બરાબર પૂર્વ દિશામાં થતો હતો. ખગોળ વૈજ્ઞાનિકો ગણત્રી કરી એવા અનુમાનમાં આવ્યા છે કે શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં જે વાત કહી છે તે લગભગ ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પૂર્વની હોવી જોઈએ. શતપથ બ્રાહ્મણગ્રંથમાં પરીક્ષિતના પુત્ર જનમેજયનો ઉલ્લેખ પણ મળે છે. મહાભારતનો યુદ્ધકાળ આનાથી સો વર્ષ પૂર્વેનો છે. 'મહાભારત'માં લખ્યું છે કે યુદ્ધ વખતે અર્જુન ૬૫ વર્ષના હતા. 'હરિવંશપુરાણ' પ્રમાણે શ્રીકૃષ્ણ અર્જુનથી ૧૮ વર્ષ મોટા હતા. શ્રીકૃષ્ણના પરમધામ સીધાવવાના સમાચાર સાંભળી તેઓ રાજ્ય છોડી હિમાલય તરફ જવા માટે નીકળ્યા હતા. આ ગણત્રી પ્રમાણે મહાભારતના ૩૬ વર્ષ પછી એટલે કે ઈ.સ. પૂર્વે ૩૦૬૬માં શ્રીકૃષ્ણ પરમધામ સિધાવ્યા.

> **કર્મભૂમિમાં કર્મોના નિયમ ખૂબ જ કઠોર હોય છે. કર્મનો એ 'અટલ સિદ્ધાંત' છે કે 'પુણ્યનું ફળ સુખ છે અને પાપનું ફળ દુઃખ છે' અને આ બંને ફળને ભોગવવું જ પડે છે**

મહાભારતમાં એ પણ લખ્યું છે કે તેમની ઉંમર ત્યારે મનુષ્યની પૂર્ણ આયુ એટલે કે તે સમયના ૧૨૦ વર્ષ હતી (૧૧૯ વર્ષ પૂર્ણ). આ ગણત્રી પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ઈ.સ. પૂર્વે ૩૧૮૫ માં થયો એમ માની શકાય. છાંદોગ્ય ઉપનિષદ કે જે ઈ.સ. પૂર્વે ૨૫૦૦ માં લખાયું હોવાનું મનાય છે તેમાં પણ 'દેવકીપુત્ર કૃષ્ણ'નો ઉલ્લેખ છે. (પ્ર.-૩,ખંડ-૧૭) આ ઉપરાંત એમાં થયેલા ઉલ્લેખ પ્રમાણે એમનો જન્મ ભાદરવા વદ અષ્ટમી એટલે આપણી ગણના પ્રમાણે શ્રાવણ વદ આઠમે થયો. (ક્રમશઃ)